# P. G. Gondalia
## (Advocate)

(Enrolment No. G/ 2643/ 2012)

117+118, Rajhans Point, Near Geetanjali Petrol Pump, Varachha Road, Surat-395006.

Contact Number: 099249 88050, E-Mail: pggondalia.4@gmail.com


Date: 13 / 12 / 2018.

## ટાઇટલ રીપોર્ટ

આથી હમો એડવોકેટ પી. જી. ગોંડલીયા, તે **વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ),** ઓફીસ- એ-૧૦૦૨, શ્રીનિધી રેસીડેન્સી, બ્લોક નંબર ૨૦૪, મોટા વરાછા, સુરતનાં એડવોકેટ, જેઓની માલીકીની નીચે વિસ્તૃત રીતે જણાવેલ જમીનનાં હમારી સમક્ષ રજુ કરેલ દસ્તાવેજી પૂરાવાઓ ધ્યાનમાં લઇને આ ટાઇટલ રીપોર્ટ આપીએ છીએ...

## મિલ્કતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, પુણા (સુરત સીટી) સબ-ડીસ્ટ્રીકટ, **મોજે પુણા**નાં **રે. સ. નંબર ૫૯૮/૧, બ્લોક નંબર ૬૭૫/પૈકી ૨** વાળી જમીન, જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નંબર ૧૨ (પુણા) માં થવાથી તેને **ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧, ૪૧/૨ તથા ૪૧/3** ફાળવવામાં આવેલ છે. જે પૈકી **ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.), ૪૧/બી (ડ્રાફ્ટ)** વાળી **૨૭૧૨.૦૦ ચો.મી.** બીનખેતીની જમીનમાં રહેઠાણનાં હેતુ માટે **સન રેસીડેન્સી** નામથી અલગ અલગ ઇમારતોનું આયોજન કરવામાં આવેલ છે. મજકુર યોજના તેને લાગુ તમામ રાસુકા વપરાશનાં હક્કો સહિત કુલ્લે દરોબસ્ત. જે આખી યોજનાની ચતુર્દિશા નીચે મુજબ છે:

પૂર્વે :- રસ્તો
પશ્ચિમે :- ફાઇનલ પ્લોટ નંબર ૪૩ વાળી જમીન
ઉત્તરે :- રસ્તો
દક્ષિણે :- ફાઇનલ પ્લોટ નંબર ૪૨/૧ વાળી જમીન

સદરહુ ઉપરોકત વિગતથી જણાવેલ જમીનનાં માલીક તથા મુખત્યાર તરીકે રેવન્યુ દફતરે હાલ **વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ)**નું નામ ચાલે છે. મજકુર જમીનનાં ટાઇટલ સંબધી વિગત એવી છે કે...

**મોજે પુણા**નાં **રે. સ. નંબર ૫૯૮/૧** વાળી જમીન સન-૧૯૫૭ નાં અરસાથી કેવળભાઇ ઉકાભાઇનાં નામે ચાલી આવેલી. તેઓએ વૃધ્ધાવસ્થાનાં કારણે સગાં પુત્રો વચ્ચે પોતાની માલીકીની જમીન/મિલ્કતોની વહેંચણી કરેલી. જેનાં અનુસંધાનમાં સદરહુ રે. સ. નંબર ૫૯૮/૧ વાળી જમીન શીવલાલ કેવળભાઇનાં હિસ્સે આવેલી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૫૮૧ થી તા.૧૫/૧૨/૧૯૫૭ નાં રોજ થયેલી તથા તા.૧૩/૨/૧૯૫૮ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર શીવલાલ કેવળભાઇએ પોતાની માલીકીની જમીન/મિલ્કતોની વહેંચણી કરેલી. જેનાં અનુસંધાનમાં સદરહુ રે. સ. નંબર ૫૯૮/૧ વાળી જમીન છગનલાલ શીવલાલ તથા બાલુભાઇ શીવલાલનાં હિસ્સે આવેલી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૧૬૯૪ થી તા.૨૫/૧૨/૧૯૭૫ નાં રોજ થયેલી તથા તા.૨૫/૨/૧૯૭૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર આખી જમીન પૈકી ૩૨ ફુટ પ્હોળાઇ તથા ૨૬૦ ફૂટ લંબાઇની યાને ૭૭૨.૦૦ ચો.મી. ઘરની તથા તે સહિતની ઘરવપરાશની ખુલ્લી જમીન બાબતે ન્યાયાધિકરણ અને ચોર્યાસીનાં મામલતદારશ્રીએ ઘરથાળની જમીનનાં ગણોતીયા તરીકે ઇશ્વરભાઇ ભીખાભાઇને ઠેરવીને ₹ ૪૦૦/-

પૂરાંનાં વાર્ષિક એક હપ્તાથી ભરપાઇ કરવા તા.૨૯/૧૧/૧૯૮૧ નાં રોજ આદેશ આપેલો. જે મુજબ મજકુર ઇશ્વરભાઇ ભીખાભાઇએ તા.૩૦/૧/૧૯૮૨ નાં રોજ ખરીદકિંમત પેટે ₹ ૪૦૦/- પૂરાં ભરપાઇ કરેલ. જેથી મજકુર રે. સ. નંબર ૫૯૮/૧ વાળી ૮૦૯૪.૦૦ ચો.મી. જમીન પૈકી ૭૭૨.૦૦ ચો.મી. જમીનમાં ઇશ્વરભાઇ ભીખાભાઇનું નામ દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૨૦૧૯ થી તા.૨/૨/૧૯૮૨ નાં રોજ થયેલી તથા તા.૧૯/૩/૧૯૮૨ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર રે. સ. નંબર ૫૯૮/૧ વાળી બાકી રહેલ ૭૩૨૨.૦૦ ચો.મી. જમીનમાં મંજુલાબેન તે છગનભાઇની પત્ની, ઉષાબેન તે બાલુભાઇની પત્ની તથા કાશીબેન તે શીવલાલની પત્નીનો સરખો હક્ક હતો. જેથી છગનલાલ શીવલાલ તથા બાલુભાઇ શીવલાલ દ્વારા તેઓનાં નામ સદરહુ જમીનમાં સામયિકપણાનાં આધારે દાખલ કરવામાં આવેલાં. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૨૦૬૭ થી તા.૧૧/૮/૧૯૮૨ નાં રોજ થયેલી તથા તા.૧૬/૯/૧૯૮૨ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

દરમિયાન મે. સક્ષમ અધિકારીશ્રી તથા અધિક કલેકટરશ્રી, સુરતનાં પત્ર નંબર યુ.એલ.સી./ રેકર્ડ/ કલમ ૬ (૧) પત્રક થી તા.૨૨/૧/૧૯૯૩ નાં રોજ કરેલ હુકમ મુજબ સદરહુ રે. સ. નંબર ૫૯૮/૧, બ્લોક નંબર ૬૭૫ પૈકી વાળી જમીન યુ.એલ.સી. કાયદા હેઠળ ફાજલ જાહેર કરવામાં આવેલી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૨૮૩૮ થી તા.૩/૨/૧૯૯૩ નાં રોજ થયેલી તથા પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાલીકોએ તા.૨૧/૧/૧૯૯૫ નાં રોજ કરેલ સામયીકપણાનાં કરારનાં આધારે મજકુર જમીનમાં દિપકભાઇ તે છગનભાઇનાં પુત્ર તથા હેમંતભાઇ તે બાલુભાઇનાં પુત્રનું નામ હયાતીનું પેઢીનામું, પંચકયાસ તથા પક્ષકારોનાં જવાબોનાં આધારે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૨૯૬૦ થી તા.૨૪/૪/૧૯૯૫ નાં રોજ થયેલી તથા તા.૨૭/૯/૧૯૯૫ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર જમીનમાલીકોએ સદરહુ જમીનમાં પડેલ એન્ટ્રી નંબર ૨૮૩૮ વિરૂધ્ધ યુ.એલ.સી. કચેરીમાં અપીલ દાખલ કરેલી. જેનાં અનુસંધાનમાં કચેરીનાં હુકમ નંબર યુ.એલ.સી./ ૬(૧)૬/ ૧૦૧૧-૧૪૨ પુણા યુ.કે. સુરત થી તા.૭/૯/૧૯૯૫ નાં રોજ સદરહુ બ્લોક નંબર ૬૭૫ પૈકી વાળી જમીનને ફાજલમાંથી મુકત કરવામાં આવેલી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૩૦૨૩ થી તા.૨૧/૬/૧૯૯૬ નાં રોજ થયેલી તથા તા.૯/૯/૧૯૯૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

અગાઉ મજકુર જમીનનાં માલીકો પૈકી કાશીબેન શીવલાલનું તા.૧૮/૫/૧૯૮૭ નાં રોજ પુણા મુકામે અવસાન થયેલું. તેઓનાં સીધીલીટીનાં વારસદારોમાં છગનભાઇ શીવલાલ, બાલુભાઇ શીવલાલ, મનુબેન શીવલાલ તથા સુરેખાબેન શીવલાલનો સમાવેશ થતો હતો. જેઓ પૈકી છગનભાઇ શીવલાલનું તા.૪/૪/૨૦૦૦ નાં રોજ તેમજ સુરેખાબેન શીવલાલનું તા.૧૭/૯/૧૯૯૧ નાં રોજ અવસાન થયેલું. જેથી મજકુર છગનભાઇ શીવલાલનાં સીધીલીટીનાં વારસોમાં મંજુલાબેન છગનભાઇ, છાયાબેન છગનભાઇ, દિપકભાઇ છગનભાઇ તથા કિશોરીબેન છગનભાઇનો સમાવેશ થતો હતો. જયારે સુરેખાબેન શીવલાલનાં સીધીલીટીનાં વારસોમાં પારૂલબેન નટવરભાઇ, રૂપેશભાઇ નટવરભાઇ તથા ભાવેશભાઇ નટવરભાઇનો સમાવેશ થતો હતો. એ રીતે સદરહુ જમીનમાં વારસાઇ હક્કે હયાત વારસદારોનાં નામ દાખલ કરવામાં આવેલાં. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૦૪૬ થી તા.૨૩/૬/૨૦૦૬ નાં રોજ થયેલી તથા તા.૧૯/૧૦/૨૦૦૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો પૈકી મનુબેન શીવલાલ, છાયાબેન છગનભાઇ, કિશોરીબેન છગનભાઇ, પારૂલબેન નટવરભાઇ, રૂપેશભાઇ નટવરભાઇ તથા ભાવેશભાઇ નટવરભાઇએ તા.૬/૮/૨૦૦૫ નાં રોજ કરેલ કરારનાં આધારે પોતાનો હક્ક-હિસ્સો બાલુભાઇ શીવલાલ, મંજુલાબેન છગનભાઇ, ઉષાબેન બાલુભાઇ, દિપકભાઇ છગનભાઇ તથા હેમંતભાઇ બાલુભાઇની તરફેણમાં ઉઠાવી લીધેલો. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૧૨૮ થી તા.૨૦/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલી તથા તા.૯/૪/૨૦૦૭ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર પુણા ગામનો ચોર્યાસી તાલુકામાંથી નિકાલ થવા અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૧૩૧ થી તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે. આમ, મજકુર પુણા ગામનો ચોર્યાસી તાલુકામાંથી નિકાલ થવાથી તેનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલો. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૧૩૨ થી તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલી તથા તા.૨૭/૧૨/૨૦૦૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર બ્લોક નંબર ૬૭૫ પૈકીની ૭૩૨૨.૦૦ ચો.મી. (હાલ બ્લોક નંબર ૬૭૫/પૈકી ૨) જમીનનો સમાવેશ ટી. પી. સ્કીમ નંબર ૧૨ (પુણા)માં થવાથી તેને ફાઇનલ પ્લોટ નંબર ૪૧/એ, ૪૧/બી તથા ૪૧/સી (ડ્રાફ્ટ) તથા નવા ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧, ૪૧/૨ તથા ૪૧/૩ (ટી.આર.) ફાળવવામાં આવેલ.

ત્યારબાદ મજકુર ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.) વાળી ૨૭૧૨.૦૦ ચો.મી. જમીન બાલુભાઇ શીવલાલ, મંજુલાબેન છગનભાઇ, ઉષાબેન બાલુભાઇ, દિપકભાઇ છગનભાઇ તથા હેમંતભાઇ બાલુભાઇની કનેથી રામજીભાઇ નાનજીભાઇ વાવીયાએ વેચાણથી રાખેલી. જે વેચાણ અંગેનો દસ્તાવેજ મે. સબ-રજી.શ્રીની કચેરીમાં અનુક્રમ નંબર ૧૧૬૫૦ થી તા.૩૦/૧૧/૨૦૦૫ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૧૭૭ થી તા.૨૦/૪/૨૦૦૭ નાં રોજ થયેલી તથા તા.૧૮/૮/૨૦૦૭ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

મજકુર બ્લોક નંબર ૬૭૫/પૈકી ૨ વાળી જમીન અંગે હસ્તલીખીત રેકર્ડ તથા કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડની મેળવણીમાં વિસંગતતા જણાતા મે. સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકારનાં ઠરાવ ક્રમાંક આર.એ.એમ./ ૧૦૨૦૦૬/ ૨૦૬૩/ લ-૧ થી તા.૧૨/૬/૨૦૦૬ નાં રોજ આપેલ સૂચના મુજબ તથા મે. કલેકટરશ્રી, સુરતની યાદી નં. જમન/ કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડ પ્રમોલગેશન/ ૦૬ થી તા.૧૯/૬/૨૦૦૬ નાં રોજ તથા મે. મામલતદારશ્રી, સીટી તાલુકા, સુરતનાં સુધારા હુકમ નં. જમન/ પ્રમોલગેશન/ સુધારા હુકમ/ મોજે પુણા/ રજી.૧૧૦/ ૦૮ થી તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ **પો.ખ.અ.માં સડક** લખવા મુજબનો સુધારો કરવાની નોંધ કરવામાં આવેલી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૪૬૩૬ થી તા.૨૨/૮/૨૦૦૮ નાં રોજ થયેલી તથા તા.૪/૨/૨૦૦૯ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.) વાળી જમીનમાં રહેઠાણનાં હેતુસર બીનખેતીનું કૃત્ય કરવા માટે મે. કલેકટરશ્રી, સુરતનાંએ તેમનાં હુકમ નંબર એ/ બખપ/ એસ. આર. નંબર ૧૬૪/ ૧૮/ ID NO. 300355/ વશી. ૫૬૯૦ થી ૫૭૦૪/ ૧૮ થી તા.૧૯/૭/૨૦૧૮ નાં રોજ પરવાનગી આપેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૧૦૩૦૬ થી તા.૨૭/૧૨/૨૦૧૭ નાં રોજ થયેલી તથા તા.૫/૨/૨૦૧૮ નાં રોજ પ્રમાણીત થયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૬૮૫૬ થી તા.૧૪/૯/૨૦૧૮ નાં રોજ થયેલી તથા તા.૧૯/૧૧/૨૦૧૮ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

મજકુર ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.) વાળી જમીનમાં બાંધકામ કરવા માટેનાં પ્લાન સુરત મહાનગરપાલિકા સમક્ષ રજૂ કરવામાં આવેલાં. જેનાં અનુસંધાનમાં આઇ/સી ટાઉન પ્લાનર, ટાઉન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા તરફથી ટી.ડી.ઓ./ ડી.પી./ નંબર ૧૮૬ થી તા.૨૦/૧૦/૨૦૧૮ નાં રોજ પ્લાન મંજુર કરીને વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર રામજીભાઇ નાનજીભાઇની કનેથી સદરહુ ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.) વાળી જમીન **વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)**એ વેચાણથી રાખેલ. જે વેચાણ અંગેનો દસ્તાવેજ મે. સબ-રજી.શ્રીની કચેરીમાં **અનુક્રમ નંબર ૧૧૬૬૭ થી તા.૨૮/૯/૨૦૧૮** નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર ૧૧૬૬૭ થી થયેલ છે.

ઉપરોકત પરવાનગીઓનાં આધારે સદરહુ જમીનમાં **વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)** દ્વારા રહેઠાણનાં હેતુ માટે **સન રેસીડેન્સી** નામથી અલગ અલગ ઇમારતોનું આયોજન કરેલ છે.

## રજુ કરેલ પેપર્સની યાદી

(૧) ગામ નમૂના નંબર ૭/૧૨ તથા ૮/અ ની કોમ્પ્યુટરાઇઝ નકલ.
(૨) ગામ નમૂના નંબર ૭/૧૨ નાં સન ૧૯૪૮ થી ૨૦૧૭-૧૮ સુધીનાં ઉતારાની નકલ.
(૩) ગામ નમૂના નંબર ૬ નાં ઉતારાની તમામ નકલ.
(૪) સબ-રજી. કચેરીમાં તા.૩૦/૧૧/૨૦૦૫ નાં રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૬૫૦ ની નકલ.
(૫) સબ-રજી. કચેરીમાં તા.૨૮/૯/૨૦૧૮ નાં રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૬૬૭ ની નકલ.
(૬) સદરહુ જમીનનાં એકત્રીકરણ તકતાની નકલ.
(૭) સુડાનાં ઝોનીગ સર્ટીફિકેટની નકલ.
(૮) સુડાનાં ઝોનીગ પ્લાનની નકલ.
(૯) ફાઇનલ પ્લોટનાં પાર્ટ પ્લાનની નકલ.
(૧૦) બીનખેતી હુકમની નકલ.
(૧૧) વિકાસ પરવાનગી, બાંધકામ પરવાનગી તથા મંજુર પ્લાનની નકલ.
(૧૨) વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)નાં ડીડ/લેખની નકલ.
(૧૩) ટી.પી.નાં એફ-ફોર્મની નકલ.

## પ્રમાણપત્ર

સુરત ડીસ્ટ્રીકટ, પુણા (સુરત સીટી) સબ-ડીસ્ટ્રીકટ, **મોજે પુણાનાં રે. સ. નંબર ૫૯૮/૧, બ્લોક નંબર ૬૭૫/પૈકી ૨** વાળી જમીન, જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નંબર ૧૨ (પુણા) માં થવાથી તેને **ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧, ૪૧/૨ તથા ૪૧/૩** ફાળવવામાં આવેલ છે. જે પૈકી **ફાઇનલ પ્લોટ નંબર ૪૧/૧ (ટી.આર.), ૪૧/બી (ડ્રાફટ)** વાળી **૨૭૧૨.૦૦ ચો.મી.** બીનખેતીની જમીનમાં રહેઠાણનાં હેતુ માટે **સન રેસીડેન્સી** નામથી અલગ અલગ ઇમારતોનું આયોજન કરવામાં આવેલ છે, જેનાં માલીક **વિયુનિસન ઇન્ફ્રાકોન એલએલપી (લીમીટેડ લાયબીટી પાર્ટનરશીપ)** છે તથા સદરહુ મિલ્કતનાં ટાઇટલ ચોખ્ખા, માર્કેટેબલ અને તારણને પાત્ર છે.

સ્થળ : સુરત.
તારીખ : ૧૩/૧૨/૨૦૧૮.

P.C. Gondalia
પી. જી. ગોંડલીયા
(એડવોકેટ)

અરજી પહોંચ

પહોંચ નંબરઃ ૨૦૧૮૦૧૮૦૭૬૫૩૪ અરજી નંબરઃ ૫૩૭૧૭ અરજી વર્ષઃ ૨૦૧૮

તાઃ ૧૩ માહેઃ ડિસેમ્બર સનેઃ ૨૦૧૮

રજુ કરનારનું નામ **પી જી ગોંડલીયા(પુણા બ્લોક નં 675 ટીપી 12)**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો................................ | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી................................ | |
| ટપાલ ખર્ચ................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................................ | ૦ |
| શોધ અગર તપાસણી................................ Year : ૧૯૭૭ | ૧૨૫ |
| દંડ કલમ-૨૫................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................ | |
| નકલ ફી ફોલીયો................................ | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................ | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૨૫ |
|---|---|

અંકે રૂપીયા એકસો પચીસ પુરા.

દસ્તાવેજ ........................ ના દિવસે તૈયાર થશે અને ........................ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.
નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( J.C.Bhatporia )
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

IGR-NIC -2470425659016647040 ૧૩/૧૨/૨૦૧૮ ૧૧:૫૭:૩૯ am

**અરજી પહોંચ**

મેલ્કતનું વર્ણન બ્લોક નં 675પૈકી2,ટી.પી 12,ફા પ્લોટ નં 41/1

Search in : પુણા/PUNA

| પહોંચ નંબર: | ૨૦૧૮૦૨૦૦૫૧૦૪૦ | અરજી નંબર: | ૩૫૪૪૮ | અરજી વર્ષ: | ૨૦૧૮ |
|---|---|---|---|---|---|

તા: ૧૩ માહે: ડિસેમ્બર સને: ૨૦૧૮

રજુ કરનારનું નામ પી જી ગોંડલીયા

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી........................................ | |
| ટપાલ ખર્ચ........................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................................ | ૦ |
| શોધ અગર તપાસણી............ Year : ૧૯૯૯ ૨૦૧૮ ............ | ૨૧૦ |
| દંડ કલમ-૨૫........................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................ | |
| નકલ ફી ફોલીયો........................................ | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................ | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૨૧૦ |
|---|---|

અંકે રૂપીયાબસો દસ પુરા.

દસ્તાવેજ / નકલ ............ ના દિવસે તૈયાર થશે અને ............ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( K. P. Prajapati )
સબ રજીસ્ટ્રાર
સુરત - 3 Navagam

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3 (NAVAGAM)

2005

2018

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in પી જી ગોંડલીયા

અરજી નંબર : ૩૫૪૪૮ ગામ નું નામ : PUNA

મિલ્કતનું વર્ણન બ્લોક નં 675પૈકી2,ટી.પી 12,ફા પ્લોટ નં 41/1

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - Zone3 Navagam મા -13 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ

પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા_______________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂા. ૩૨૫૦૦૦ | 1. ખુલ્લી જમીન-ખેતીકીય-પીયત સર્વે નંબર 598/1,બ્લોકનં.675, ટી.પી.12,એફ.પી.41/એ,41/બી,41/સી,ને નવા એફ.પી.41/1,41/2,41/3, પૈકી એફ.પી. નં. 41/1, જેનું ક્ષેત્રફળ -3159 ચો.મી. | | | દિપકભાઈ છગનભાઈ તે પોતે તથા મરહુમ છગનભાઈ શીવલાલના વારસ તરીકે<br>ઉષાબેન બાલુભાઈ<br>મંજુલાબેન તે છગનભાઈ શીવલાલની વિધ□ાવા તે પોતે તથા મરહુમ છગનભાઈ શીવલાલના વારસ તરીકે<br>હેમંતભાઈ બાલુભાઈ<br>બાલુભાઈ શીવલાલ તે પોતે તથા મરહુમ કાશીબેન શીવલાલના વારસ તરીકે | રામજીભાઈ નાનજીભાઈ વાવીયા | ૩૦/૧૧/૨૦૦૫<br>૩૦/૧૧/૨૦૦૫ | ૧૧૬૫૦ | |

THE SEAL OF THE SUB REGISTRAR * સુરત-3, (નવાગામ) નો (કચ્છ) * SURAT (NAVAGAM) *

તારીખ : ૧૩/૧૨/૨૦૧૮

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - Zone3 Navagam

2005

2018

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in પી જી ગોંડલીયા

અરજી નંબર : ૩૫૪૪૮ ગામ નું નામ : PUNA

મિલ્કતનું વર્ણન બ્લોક નં 675પૈકી2,ટી.પી 12,ફા પ્લોટ નં 41/1

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - Zone3 Navagam મા -13 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા__________ સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂા. ૨૮૦૦૦૦૦૦ | રે.સ.નં.598/1,<br>બ્લોક નં. 675/પૈકી 2,<br>ટી.પી.નં. 12,<br>ફા.પ્લોટ નં. 41/1,41/2 અને 41/3 પૈકી,<br>ફા.પ્લોટ નં. 41/1,<br>જેનું હાલના ફા.પ્લોટ મુજબનું<br>ક્ષેત્રફળ 2712 ચો.મી. બીનખેતીની<br>ખુલ્લી જમીન | | રામજીભાઇ નાનજીભાઇ | મેસર્સ વિયુનિસન<br>ઇન્ફ્રાકોન એલએલપી | ૨૮/૦૯/૨૦૧૮<br><br>૨૮/૦૯/૨૦૧૮ | ૧૧૬૬૭ | |

THE SEAL OF THE SUB REGISTRAR SURAT સબ રજીસ્ટ્રાર સુરત-૩ (નવાગામ) નો સિક્કો

તારીખ : ૧૩/૧૨/૨૦૧૮

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - Zone3 Navagam